

સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**શ્રી વચનામૃત ગઢડા પ્રથમ ૫૯ : 'અસાધારણ સ્નેહનું'નું નિરૂપણ**
**૮ માર્ચ ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! ભગવાનને વિષે અસાધારણ પ્રેમ થાય તેનું શું કારણ છે ?' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'એક તો ભગવાનનો વિશ્વાસ હોય જે, 'આ મને મળ્યા છે તે નિશ્ચય જ ભગવાન છે,' તથા આસ્તિકપણું હોય, તથા ભગવાનનાં જે ઐશ્વર્ય તેને જાણે જે, 'આ ભગવાન છે તે બ્રહ્મમહોલ, ગોલોક, શ્વેતદ્વીપ એ આદિક સર્વે ધામના પતિ છે તથા અનંત કોટિ બ્રહ્માંડના પતિ છે તથા સર્વના કર્તા છે,' અને પુરુષ, કાળ, કર્મ, માયા, ત્રણ ગુણ, ચોવીસ તત્ત્વ, બ્રહ્માદિક દેવ એ કોઈને આ બ્રહ્માંડના કર્તા જાણે નહીં, એક ભગવાન પુરુષોત્તમને જ કર્તા જાણે અને સર્વના અંતર્યામી જાણે. એવી રીતની સમજણે સહિત જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને વિષે નિશ્ચય તે જ પરમેશ્વરને વિષે અસાધારણ સ્નેહનું કારણ છે.'**

મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો, 'અસાધારણ પ્રેમનું કારણ શું ?' 'અસાધારણ' શબ્દ વાપર્યો છે–સાધારણ નહીં. એમના સિવાય રહી જ ના શકાય, એમનાં દર્શન ગમે, એમની પાસે બેસવું ગમે, એમની પાસે જવું ગમે એ અસાધારણ પ્રેમ હોય એનું લક્ષણ છે. બાકી તો, 'ઠીક છે, મળી જાય તો દર્શન કરીશું, નહીં તો આવતા રહીશું. બેઠા છીએ, આવે તો ઠીક છે, અહીં થઈને જાય તો મળી લઈશું.' એવું હોય એને અસાધારણ પ્રેમ ના કહેવાય. દોડી દોડીને જાય, દર્શન ના થાય તો ગમે નહીં, એમના વગર રહેવાય નહીં, એમની વાત સાંભળ્યા વગર ચેન ના પડે એવું અસાધારણ હેત થાય એનું કારણ શું ? એમ મુક્તાનંદ સ્વામી પૂછે છે. અને ખરેખર એવું હેત થાય એ જ ઇન્દ્રિયો–અંતઃકરણના ભાવોને બદલે છે, આંતરિક રૂપાંતરણ થાય છે. તો મહારાજ બતાવે છે – વિશ્વાસ અને નિશ્ચય ! કેવો નિશ્ચય ? તો વિશ્વાસ થાય કે, આ જ મારા કલ્યાણદાતા છે, એમના આધારે જ મારું જીવન છે અને તેઓ જ મને સુખી કરશે; એવો વિશ્વાસ હોય તો એમના માટે પ્રેમ અંદરથી છૂટે.

ઘણા છોકરાઓ સચિન તેંડુલકરને મળ્યા પણ નથી, તો પણ તેંડુલકરનો ફોટો રૂમમાં રાખે. એ આવીને ખબર પણ ના પૂછે કે, 'તમે કેમ છો ? મજામાં છો ?' અને જો પૂછે તો તમે ખુશ થઈ જાવ કે અધ્ધર ચાલો, ઓહો, તેંડુલકરે મારી ખબર પૂછી ! તેંડુલકરને પણ ખબર નહીં હોય કે, તમે એનો ફોટો રાખો છો કે તમે કોણ છો ? તોય એના માટે તમને પ્રેમ છે તો એનો ફોટો રાખો છો. એની વાત કરવાનું કહીએ તો તેણે કેટલી સદી મારી ને કેટલા બોલરોની બોલિંગ છોડાવી દીધી તેનાં ધડાધડ બધાં સ્ટેટિસ્ટિક્સ આપવા માંડીએ. એના પર એક વિશ્વાસ છે કે, એ બહુ જવાબદારીપૂર્વક રમનાર છે, ક્રિકેટની રમતને સમર્પિત થયેલો છે, ક્રિકેટ દ્વારા દેશનું નામ વિશ્વમાં રોશન કર્યું છે અને ગમે તેવી પરિસ્થિતિમાં, ગમે તેવા સંજોગોમાં પણ એ બેટિંગ કરવા આવે તો સામી ટીમ એની ઉપર હાવી ના થઈ જાય એવી અદ્ભુત એનામાં ટૅક્નિક છે. એની રમત ઉપર માણસને વિશ્વાસ છે અને એ વિશ્વાસને લઈને એના પર પ્રેમ પ્રગટે છે. એમ, સત્પુરુષમાં વિશ્વાસ હોય, ભગવાનમાં વિશ્વાસ હોય તો એક વિશ્વાસે કરીને એમના માટે પ્રેમ ઉભરાય.

અને બીજું, માહાત્મ્ય સહિત નિશ્ચય ! તેઓ સર્વોપરી છે, સર્વ અવતારના અવતારી છે, સર્વના કારણ છે એવું એમનું અપરંપાર માહાત્મ્ય! તેઓ કેવા મોટા છે અને મને મુખોમુખ મળ્યા ! એવા પ્રભુનો મને આશરો થયો ! એવું માહાત્મ્ય હોય તો આપોઆપ એમના પર હેત ઊભરાય, હેત થાય ! ને વિશ્વાસ હોય કે, તેઓ મારા કલ્યાણદાતા છે.

એમના આશરે કરીને, એમના થકી જ મારું કલ્યાણ છે એવો દૃઢ વિશ્વાસ હોય તો એમની સાથે અસાધારણ હેત થાય. વિશ્વાસ અને માહાત્મ્યયુક્ત નિશ્ચય-એ બે હોય તો ભક્તને અસાધારણ હેત પ્રગટે છે.

શ્રી કૃષ્ણ ભગવાન આમ ગોવાળિયા જ કહેવાતા, પણ એ ગોવાળિયા નથી. ભલે ગાયો ચરાવે છે, આપણી સાથે ડંગોરો લઈને ફરે છે, આપણે જેમ ગાયોને બુચકારીએ છીએ એમ ગાયોને બુચકારે છે; પણ એ સ્વયં પ્રભુ છે. એમના આશરે રહેવાથી આપણું કલ્યાણ થશે. એમની સ્મૃતિથી આપણો ભાવ બદલાશે; એવું માહાત્મ્ય ગોપીઓને હતું તો શ્રી કૃષ્ણ ભગવાનની સ્મૃતિ કરવાથી ગોપીઓ બદલાઈ ગઈ. એટલે એક વિશ્વાસ, બીજું માહાત્મ્ય સહિત નિશ્ચય. નિશ્ચય હોય છે પણ માહાત્મ્ય નથી હોતું એટલે ઢીલા પડી જવાય છે. માહાત્મ્ય નથી એનું કારણ ? સ્વાધ્યાય નથી, કથાવાર્તા નથી. જે લોકો કથાવાર્તામાં રેગ્યુલર આવે છે, બેસે છે, 'વચનામૃત' વાંચે છે, 'સ્વામીની વાતો' વાંચે છે એને માહાત્મ્ય અંદરથી વધતું જ જશે, ખ્યાલ નહીં આવે પણ માહાત્મ્ય વધશે. સેવાઓ બહુ કરીએ પણ જો માહાત્મ્ય ના હોય તો એ સેવાઓ કંટાળાજનક બની જાય. સેવાઓ અહંકાર પણ વધારી દે. સેવાઓ ઝગડાનું કારણ પણ બની જાય. પણ જો માહાત્મ્ય હોય તો એ સેવા દાસત્વભક્તિ વધારે ને તો ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થતાં આપણા દેહનો ભાવ ઓગળતો જાય.

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'એવો ભગવાનનો મહિમા પણ જાણતો હોય અને અસાધારણ હેત ન થાય તેનું શું કારણ છે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જો એ ભગવાનનો આવો મહિમા જાણે છે તો એને ભગવાનને વિષે અસાધારણ હેત છે પણ એ જાણતો નથી. જેમ હનુમાનજીમાં અપાર બળ હતું પણ કોઈકના જણાવ્યા વિના જણાણું નહીં. અને જેમ પ્રલંબાસુર બળદેવજીને લઈ ચાલ્યો ત્યારે પોતામાં બળ તો અપાર હતું પણ પોતે જાણતા ન હતા. પછી જ્યારે આકાશવાણીએ કહ્યું ત્યારે જાણ્યું. તેવી રીતે એ ભક્તને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ તો છે પણ જણાતી નથી.'**

'એને માહાત્મ્ય હોય તો પણ હેત ના હોય એનું કારણ શું છે ?' મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો. આપણને બધાને હેત છે એટલે તો આવ્યા છીએ, પણ ઘણાંનું જણાતું નથી અને ઘણાનું જણાય છે-એ પોતાના અંગ ઉપર આધાર રાખે છે. જેને પ્રીતિનું-પ્રેમનું અંગ હોય એનું હેત દેખાય. આંસુડાં પાડે, ખોયા ખોયા ફરે. પણ, સમજણવાળો હોય-બુદ્ધિપ્રધાન હોય એને માહાત્મ્ય હોય પણ દેખાય નહીં. અને સેવકો-દાસત્વભક્તિથી સેવા કર્યા કરતા હોય, તો તેઓ સેવા શાથી કરતા હોય ? અસાધારણ હેત છે એટલે કરે છે.

હનુમાનજીનો દાખલો આપ્યો. હનુમાનજી સીતાજીને શોધવા માટે ગયા. રામેશ્વરમ્ પાસે ધનુષકોડી પહોંચ્યા. લંકા જવાનું હતું, તે દરિયો જોઈને બધાને થયું કે કેવી રીતે જઈશું ? સાથે જાંબુવાન હતા. તેમણે હનુમાનજીને કહ્યું કે, 'તમે નાના હતા ત્યારે ઠેકડો મારીને સૂર્યને પકડવા ગયા હતા.' એમની જે તાકાત હતી એનું જાંબુવાને દર્શન કરાવ્યું. તો શ્રી રામનું નામ લઈ હનુમાનજીએ 'હૂપ' કરીને કૂદકો માર્યો તો પહોંચી ગયા સીધા લંકામાં. એમ, આપણામાં ભાવ છે, ભક્તિ છે. આપણા સંતો એમ ને એમ સંસાર છોડીને બેઠા છે ? ભગવાનનું અસાધારણ હેત હોય તો જ સંસાર છૂટે, નહીં તો સંસાર કેવી રીતે છોડે ? માણસ વ્યસન નથી છોડી શકતા, ખાવા-પીવાનું, હરવા-ફરવાનું નથી છોડી શકતા તો સંસાર કેમનો છોડે ? જુવાનજોધ દીકરાઓને સંસાર શાથી છૂટી ગયો ? તો એવું ભગવાનમાં અસાધારણ હેત હોય તો છૂટે. પોતાનું દાસત્વભક્તિ-વિશ્વાસનું અંગ હોય, બુદ્ધિપ્રદાન-સમજણનું અંગ હોય એ બેને ખ્યાલ ના પડે. પ્રીતિવાળાને ખબર પડે, એ ભગવાન વગર સોરાય. જેને અસાધારણ પ્રેમ હોય એને દર્શન ના થાય તો સોરાય, એટલે ખ્યાલ આવે કે એને દર્શનની તાણ છે. પેલા બેને ખ્યાલ ના આવે, પણ અસાધારણ હેત છે જ એવું મહારાજનું કહેવું છે. આપણને બધાને ભગવાનને વિશે હેત છે એટલે તો આપણે અહીં બેઠા છીએ.

પોતાના આત્માને
સત્પુરુષ સાથે જોડી દેવો,
સ્મૃતિમાં રહેવું અને માહાત્મ્યના વિચારમાં રહેવું.
એમણે જે આજ્ઞા આપી હોય
એ પ્રમાણે જીવન જીવવું.



**સત્પુરુષની સ્મૃતિ કરીએ, ધૂન, ભજન ને પ્રાર્થના કરતા રહીએ અને એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવીએ તો ગમે એવો દેશ, કાળ, ક્રિયા ને સંગ હશે, પણ આપણને ડિસ્ટર્બ કરી શકશે નહીં.**



**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'એ પ્રીતિના બળને જણાયાનું શું કારણ છે ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'સત્સંગ અને સત્શાસ્ત્રનું શ્રવણ કરતે સતે એને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ છે તે જણાઈ આવે છે.'**

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'દેશ, કાળ અને ક્રિયા તે ભૂંડાં થાય અથવા ભલાં થાય તેનું કારણ તે સંગ છે કે કોઈ બીજો છે ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'દેશ તો પૃથ્વી કહેવાય તે સર્વ ઠેકાણે સરખો છે અને કાળ પણ સરખો છે, પણ અતિશય જે મોટા સમર્થ પુરુષ હોય તે જે દેશમાં રહેતા હોય તેને પ્રતાપે કરીને ભૂંડો દેશ હોય, ભૂંડો કાળ હોય, ભૂંડી ક્રિયા હોય તે સર્વે સારાં થઈ જાય છે; અને અતિશય ભૂંડા પાપી પુરુષ જે દેશમાં રહેતા હોય તેને યોગે કરીને સારો દેશ ને સારી ક્રિયા ને સારો કાળ હોય તે પણ ભૂંડાં થઈ જાય છે. માટે શુભ ને અશુભ એવાં જે દેશ, કાળ ને ક્રિયા તેના હેતુ તો પુરુષ છે. તે પુરુષ જો અતિશય સમર્થ હોય તો સર્વ પૃથ્વીમાં દેશ, કાળ ને ક્રિયા તે પોતાના સ્વભાવ પ્રમાણે પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક દેશમાં પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક ગામમાં પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક ફળી તથા એક પોતાનું ઘર તેમાં પ્રવર્તાવે. એવી રીતે એ શુભ-અશુભ જે દેશ, કાળ ને ક્રિયા તેના હેતુ તો શુભ ને અશુભ એ બે પ્રકારના પુરુષ છે.'**

જોયું, સત્સંગ અને કથાવાર્તાનું વ્યસન રાખે તો પ્રીતિનું બળ જણાઈ આવે. મોટા પુરુષની સ્મૃતિમાં રહીએ પણ દેશ, કાળ, ક્રિયા ને સંગ એની અસર થાય જ. કોરાના વખત હતો ત્યારે રોગ જ એવો હતો, કે એણે આખી દુનિયાને આવરી લીધી. પણ છતાં આઇસોલેશનમાં રહે, કોઈના સંસર્ગમાં ના આવે તો એનાથી બાહ્ય રીતે-ફિઝિકલ બૉડીની રક્ષા થાય. પણ જ્યારે આંતરિક વાતાવરણ એવું હોય અને આપણને અંદર કંઈ થાય ત્યારે એકાંતમાં ચાલ્યા જવું. એકાંતમાં શું ? તો પોતાના આત્માને સત્પુરુષ સાથે જોડી દેવો, સ્મૃતિમાં રહેવું અને માહાત્મ્યના વિચારમાં રહેવું. અથવા તો એમણે જે આજ્ઞા આપી હોય એ પ્રમાણે જીવન જીવવું. તો પછી એ અસર નહીં કરે એમ ભગવાનનું કહેવું છે.

આપણા દેશમાંથી જે યુવાનો વિદેશ ગયા તેમને બાપાએ કહ્યું, 'પૂજા કરવા મૂર્તિઓ લઈ જાવ.' તેમને માળા-કંઠી પહેરાવી અને ધૂનનો નિયમ આપ્યો, અઠવાડિક સત્સંગસભાનો નિયમ આપ્યો. 'વચનામૃત'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું, 'આજ્ઞા પાળે તો એની ભેળી ભગવાનની મૂર્તિ આવે.' જે યુવાનો આજ્ઞા પાળીને જીવન જીવ્યા એમના ભેળી ભગવાનની મૂર્તિ રહી તો અમેરિકાની અસર ના થઈ, ખ્યાલ આવ્યો !? સર્વાંગ સુંદર એમનું જીવન બન્યું ને ત્યાં સત્સંગના પાતાળે પાયા નાખ્યા. બાકી તો બધા એમ કહેતા કે, અમેરિકા દેશ એવો છે કે ગમે તેવો સારો છોકરો પણ એના પ્રવાહમાં ખેંચાઈ જાય, પણ આ યુવાનો ત્યાં ખેંચાયા નહીં, ઊલટો ત્યાંનો પ્રવાહ બદલી નાખ્યો એટલા તાકાતવાળા નીકળ્યા. આવું ક્યારે રહેવાયું ? તો યોગીજી મહારાજ જેવા સત્પુરુષની આજ્ઞા પાળીને જીવ્યા તેથી આવું રહી શક્યા. એમ, ગમે ત્યાં જઈએ, ગમે એવો દેશ હોય, ગમે એવો વિપરીત કાળ હોય પણ સત્પુરુષની સ્મૃતિ કરીએ, ધૂન, ભજન ને પ્રાર્થના કરતા રહીએ અને એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવીએ તો ગમે એવો દેશ, કાળ, ક્રિયા ને સંગ હશે, પણ આપણને ડિસ્ટર્બ કરી શકશે નહીં.

*'એક રાધા એક મીરાં દોનોં ને શ્યામ કો ચાહા...'* રાધાનો પ્રેમ અસાધારણ પ્રેમ કહેવાય. દાદુકાકા કહેતા, 'બધા શ્રી કૃષ્ણને સંભારે, પણ શ્રી કૃષ્ણ રાધાને સંભારે.' ઘણા દલીલ કરે કે, રાધાને આટલો બધો પ્રેમ હતો, શ્રી કૃષ્ણ ને રાધાની આટલી બધી વાતો થાય છે પણ 'શ્રીમદ્ ભાગવત'માં કોઈ જગ્યાએ રાધાનું નામ નથી, ઉલ્લેખ જ નથી. આટલા બધા પ્રેમમાં રાધા હોય તો એનો ઉલ્લેખ તો હોવો જોઈએ ને ? ત્યારે સંતો અને દાર્શનિકો એનો જવાબ આપે છે કે, રાધા શ્રી કૃષ્ણમય થઈ ગઈ હતી, ભગવાનમાં વિસર્જિત થઈ ગઈ હતી એટલે એનું પોતાનું કોઈ અસ્તિત્વ નહોતું અને જેનું અસ્તિત્વ ના હોય એનું તમે કેવી રીતે લખાણ લખો ? સામે મીરાં ! મીરાં પણ પ્રેમમાં એટલી બધી તરબોળ થઈ ગઈ, તો એવું

કહેવાય છે કે છેલ્લે મીરાં શ્રી કૃષ્ણ ભગવાનની મૂર્તિમાં સમાઈ ગઈ. રાધા અને મીરાં બંને ભગવાનમાં રસરૂપ હતાં.

એમ, આપણે મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાત કરીએ તો, ૫૦૦ પરમહંસો, ૨૦૦૦ સાધુઓમાં મહારાજે કહ્યું, 'ગુણાતીત દ્વારા હું પ્રગટ રહીશ.' પણ 'વચનામૃત' તમે વાંચો, એમાં કોઈ જગ્યાએ ગુણાતીતનું નામ મહારાજે લીધું નથી. તો બધા કહે ને કે, તમે આવું ક્યાંથી શોધી કાઢ્યું ? 'વચનામૃત'માં મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિ પરમહંસોનાં નામ છે. પણ જેને તમે ગુણાતીત-ગુણાતીત કરો છો એમનું તો એક દિવસેય મહારાજ નામ પણ નથી બોલ્યા! ત્યારે એમને સામે એવું કહેવાય કે, ગુણાતીત મહારાજમાં વિસર્જિત થઈ ગયા હતા. ગુણાતીતનું પોતાનું કોઈ અસ્તિત્વ નહોતું. એ મહારાજરૂપ થઈ ગયેલા એટલે એમનું જુદું કંઈ છે નહીં. એવો અસાધારણ પ્રેમ કે જેમાં પોતાનો ભાવ છૂટી જાય.

એવું બીજું એક મીરાંબાઈનું ભજન છે - *'જો તુમ તોડો પિયા, મૈં નહીં તોડું રે, તોરી પ્રીત તોડી ક્રિષ્ના કૌન સંગ જોડું ?'* અસાધારણ પ્રેમ એ કે, ભગવાન તમે મને છટકારશો, કાઢી મૂકશો, 'જા તારું મોઢું મને ના બતાડીશ.' 'ભગવાન તમે મને એવું કહેશો તો પણ હું તમારી સાથેનો પ્રેમ નહીં તોડી શકું. કારણ કે, તમારી સાથેનો નાતો તોડીને જગતનું એવું કોઈ છે નહીં કે જેની સાથે હું જોડાઉં.' આ ભગવાનનું માહાત્મ્ય છે! તો ભક્તે ભગવાનની ભક્તિ છોડી બીજે જવું નહીં. તમે જ એક ભગવાન છો, જેમને આધારે કલ્યાણ છે, જેમને આશરે, જેમની ભક્તિથી સુખ, શાંતિ ને આનંદ મળે છે - એવું અસાધારણ માહાત્મ્ય હેતનું કારણ છે; મહારાજે એ બતાવ્યું. મીરાંબાઈનું આ ભજન સરસ છે, ભક્તિ મીરાંએ શિખવાડી.

ઘણા વાત કરતા હોય છે કે, આ લોકમાં લોકો આવું કહે છે ને લોકો પેલું કહે છે. મહારાજ કહે, 'જોવા જેવા તો એક ભગવાન છે.' ભગવાન શું કહે છે એ વિચારો, લોકો શું કહે છે એ ના વિચારો. યોગીજી મહારાજ અમને યુવાનોને ને સંતોને કહેતા કે, 'આપણો જન્મ તો ભગવાન ને સત્પુરુષને રાજી કરવા માટે થયો છે.' બીજાનો જન્મ જેને માટે થયો હોય, એ એ જાણે, પણ આપણો જન્મ તો એક ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને ને ગુરુ યોગીજી મહારાજને રાજી કરવા થયો છે. તો તેઓ રાજી થાય એનું અનુસંધાન રાખીને જીવન જીવીએ. સામાન્ય રીતે આખી દુનિયા - ૬ અબજની વસ્તી સમાજને અનુલક્ષીને જ જીવન જીવે છે. એટલે કે તિલક-ચાંદલો કરીશું તો લોકો શું કહેશે ? સાધુ-સંતો સાથે પધરામણીએ ફરીશું તો સમાજમાં કેવા દેખાઈશું ? સત્સંગના સારા સંસ્કારોને કારણે સમાજના કુરિવાજો કે અંધશ્રદ્ધાવાળા કાર્યક્રમોમાં હાજરી નહીં આપીએ તો સમાજમાં રહેવામાં આપણને તકલીફ પડશે. વગેરે વગેરે. પણ સમાજમાં તો તમે સારું કરશો તો પણ અને ખોટું કરશો તો પણ ટીકા જ થવાની છે. તમે જે કરો એની ટીકા કરવી એ લોક. અને એવા લોકને જોઈને ૯૯.૯૯% માણસો દુઃખી થાય છે કે, લોકમાં શું કહેશે ? લોક કેમ કહેશે ? અને એના આધારે પોતાનો આખો વ્યવહાર કરતા હોય છે. એટલે માણસો દુખિયાં છે.

ભગવાનનો ભક્ત એનાથી જુદો પડે છે કે, મારા ગુરુ શું કહે છે, મારા ઈષ્ટદેવ શું કહે છે ? એનું અનુસંધાન રાખીને જીવન જીવે તો લોક એને વશ થઈ જાય. માણસો લોકને વશ થઈને જીવે છે એટલે દુઃખી થાય છે. પ્રભુને વશ થઈને જીવે તો લોક એને વશ થઈ જાય, સુખી થઈ જાય. મીરાંબાઈ, નરસિંહ મહેતા ને આ બધા સંતો એવું જીવ્યાં તો સુખિયા થઈ ગયાં એટલે આપણે એમને યાદ કરીએ છીએ. પરમહંસો, સંતો, યોગીજી મહારાજને આશ્રિત બધા ભક્તો, આપણે બધા સંતો-ભક્તો એક ભગવાન અને ગુરુ તરફ જોઈને જીવન જીવીએ છીએ. એટલે ભગવાન તરફ જોઈને, પોતાના ગુરુની આજ્ઞાથી જે જીવન જીવે છે એ જ સાચું જીવન જીવે છે. મહારાજે કહ્યું, અસાધારણ હેત હોય તો એમને રાજી કરવાનો હૈયામાં ભાવ જાગે. રાજી કરવાનો ભાવ જાગે તો એમનું ગમતું જ રહે અને એમને ન ગમે એ છૂટતું જાય; તો આપોઆપ સુખિયાં થતાં જઈએ.

સહજાનંદ સ્વામી મહારાજની જય! ◆

**આપણો જન્મ તો એક ઈષ્ટદેવ**
**શ્રી સ્વામિનારાયણ ભગવાનને ને**
**ગુરુ યોગીજી મહારાજને રાજી કરવા થયો છે.**
**તો તેઓ રાજી થાય એનું**
**અનુસંધાન રાખીને જીવન જીવીએ.**

